# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ પુરસ્કાર વિજેતાઓનું સન્માન કરશે.

2) નવી દિલ્હીની એઇમ્સે સ્ટ્રોકની સારવાર માટે સુપરનોવા સ્ટેન્ટ નામના સ્વદેશી ઉપકરણનું પરીક્ષણ કર્યું.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી જોર્ડન, ઇથોપિયા અને ઓમાનની મુલાકાતે જશે.

4) બેલારુસે નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા એલેસ બાયાલિયાત્સકી સહિત 123 કેદીઓને મુક્ત કર્યા.

5) વિશ્વ સ્ક્વોશ ચેમ્પિયનશિપની ફાઇનલમાં આજે ચેન્નાઈમાં ભારતનો મુકાબલો હોંગકોંગ સામે થશે

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

## PREZ-ENERGY DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ પુરસ્કાર વિજેતાઓનું સન્માન કરશે. તેઓ ઉર્જા સંરક્ષણ પર રાષ્ટ્રીય ચિત્ર સ્પર્ધાના વિજેતાઓને પણ પુરસ્કાર આપશે અને સભાને પણ સંબોધિત કરશે. આ કાર્યક્રમ રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ પર યોજાઈ રહ્યો છે.

## MORN. AIIMS-SUPERNOVA

નવી દિલ્હી સ્થિત ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ (AIIMS) એ પહેલી વાર સ્ટ્રોકની સારવાર માટે સુપરનોવા સ્ટેન્ટ નામના સ્વદેશી ઉપકરણનું પરીક્ષણ કર્યું છે.

એઇમ્સે જણાવ્યું હતું કે આ ઉપકરણ ભારતીય વાતાવરણ માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે, જ્યાં પશ્ચિમી દેશોની તુલનામાં નાની ઉંમરે સ્ટ્રોક વધી રહ્યા છે. સંસ્થાએ જણાવ્યું હતું કે સુપરનોવા સ્ટેન્ટ હવે સ્વદેશી રીતે બનાવવામાં આવશે. આનાથી દર વર્ષે સ્ટ્રોકથી પીડાતા 17 લાખથી વધુ લોકોને મદદ મળશે.

## MORN.PM- JORDAN ECONOMIC COOPERATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી જોર્ડન, ઇથોપિયા અને ઓમાનની મુલાકાતે જશે. પ્રથમ તબક્કામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે જોર્ડનની બે દિવસીય મુલાકાતે જશે. તેમની મુલાકાત જોર્ડનના રાજા અબ્દુલ્લા દ્વિતીય

બિન અલ હુસૈનના આમંત્રણ પર થઈ રહી છે. આ મુલાકાત ભારત અને જોર્ડન વચ્ચેના રાજદ્વારી સંબંધોની 75મી વર્ષગાંઠ સાથે સુસંગત છે.

ભારત જોર્ડનનો ત્રીજો સૌથી મોટો વેપારી ભાગીદાર છે, બંને દેશો વચ્ચેનો કુલ વેપાર આશરે બે અબજ 80 કરોડ ડોલરનો છે.

મુલાકાતના બીજા તબક્કામાં શ્રી મોદી 16 ડિસેમ્બરે ઇથોપિયા જશે. પ્રધાનમંત્રી મોદી ઇથોપિયાના પ્રધાનમંત્રી અબીય અહેમદ અલી સાથે દ્વિપક્ષીય અને પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરશે.

મુલાકાતના અંતિમ તબક્કામાં પ્રધાનમંત્રી મોદી 17 ડિસેમ્બરે ઓમાન જશે. પ્રધાનમંત્રી સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ છે. પ્રધાનમંત્રીની ઓમાન મુલાકાત દરમિયાન અનેક કરારો પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે.

## JP NADDA – SHIMLA

ભાજપાર્ના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ જણાવ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત ઝડપથી વિકસિત રાષ્ટ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે. ગઈકાલે હિમાચલ પ્રદેશની રાજધાની શિમલામાં પાર્ટી ભવનનો શિલાન્યાસ કર્યા બાદ, શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે દેશભરમાં બનાવવામાં આવી રહેલા ભાજપ કાર્યાલયો મૂલ્યો અને સિદ્ધાંતોના કેન્દ્રો છે, જે લોકોની સેવા અને દેશની પ્રગતિ માટે કાર્ય કરે છે.

શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે વક્ફ બોર્ડ કાયદામાં સુધારો કરીને અને ટ્રિપલ તલાક નાબૂદ કરીને મુસ્લિમ સમુદાયને રાહત આપી છે. શ્રી નડ્ડાએ આક્ષેપ કર્યો કે અગાઉની યુપીએ સરકાર જાતિવાદ અને ભાઈ-ભત્રીજાવાદનું પ્રભુત્વ ધરાવતી હતી, જ્યારે ભાજપે જવાબદારી અને સુશાસનની રાજનીતિ કરી

છે. શ્રી નડ્ડાએ ઉમેર્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આર્થિક અને સામાજિક સુધારાઓને કારણે ભારત વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બન્યું છે.

## PUNJAB- ZILA ELECTIONS

પંજાબમાં જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણી માટે મતદાન આજે સવારે 8 વાગ્યાથી શરૂ થઈ રહ્યું છે. અપક્ષો સહિત નવ હજારથી વધુ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જેમાં શાસક આમ આદમી પાર્ટી, કોંગ્રેસ, શિરોમણી અકાલી દળ અને ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોનો સમાવેશ થાય છે.

મતદાન સાંજે 4 વાગ્યા સુધી બેલેટ પેપર દ્વારા હાથ ધરવામાં આવશે. જ્યારે 17 ડિસેમ્બરે મત ગણતરી થશે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## BELARUS-FREED PRISONERS

બેલારુસે નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા એલેસ બાયાલિયાત્સકી સહિત 123 કેદીઓને મુક્ત કર્યા છે. વિપક્ષી નેતાઓ મારિયા કોલેસ્નિકોવા અને વિક્ટર બાબરિકાનો પણ તેમાં સામેલ છે. ખાતર નિકાસ પરનો પ્રતિબંધ હટાવવા માટે અમેરિકા સાથે થયેલા કરાર બાદ આ મુક્તિ થઈ છે.

બેલારુસિયન રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર લુકાશેન્કોને રશિયાના નજીકના માનવામાં આવે છે અને તેઓ ત્રણ દાયકાથી વધુ સમયથી સત્તામાં છે. પશ્ચિમી દેશોએ બેલારુસ પર વારંવાર પ્રતિબંધો લાદ્યા છે, તેના પર અસંતુષ્ટોને દબાવવાનો અને રશિયાને યુક્રેન પર આક્રમણ કરવા માટે તેના પ્રદેશનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો આરોપ લગાવ્યો છે. એવું માનવામાં આવે છે કે બેલારુસે જુલાઈ ૨૦૨૪થી પ્રતિબંધોમાં રાહતના બદલામાં સેંકડો કેદીઓને મુક્ત કર્યા છે.

## SHIVRAJ PATIL- STATE HONOURS

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી શિવરાજ પાટિલના ગઈકાલે મહારાષ્ટ્રના તેમના વતન લાતુર જિલ્લામાં પૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, સંરક્ષણ રાજ્યમંત્રી સંજય સેઠ, મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અશોક

ચવ્હાણ અને કર્ણાટકના મંત્રી ઈશ્વર ખંડરે સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. શ્રી પાટિલનું શુક્રવારે અવસાન થયું.

## SQUASH-INDIA HONGKONG FINAL

વિશ્વ સ્ક્વોશ ચેમ્પિયનશિપની ફાઇનલમાં આજે ચેન્નાઈમાં ભારતનો મુકાબલો હોંગકોંગ સામે થશે. ગઈકાલે રાત્રે સેમિફાઇનલમાં ભારતે ઇજિપ્તને 3-0થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ભારતના વેલાવન સેન્થિલ કુમારે ઇજિપ્તના ઇબ્રાહિમ એલ્કાબાનીને હરાવ્યો હતો જ્યારે અનાહત સિંહે ઇજિપ્તના નૂર હેઇકલ ગેરોસને હરાવ્યો હતો. અભય સિંહે ઇજિપ્તના આદમ હવાલને હરાવ્યો હતો. આ અગાઉ અન્ય એક સેમિફાઇનલમાં હોંગકોંગે જાપાનને હરાવ્યું હતું.

## CRICKET - IND SA T20

ક્રિકેટમાં ભારત આજે સાંજે ધર્મશાલાના હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે શ્રેણીની ત્રીજી T20 મેચમાં દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે. આ મેચ સાંજે સાત વાગ્યે શરૂ થશે. 5 મેચની શ્રેણી હાલમાં 1-1 થી બરોબર છે.

શ્રેણીની ચોથી મેચ બુધવારે લખનઉમાં રમાશે, જ્યારે અંતિમ મેચ શુક્રવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે.

## CRICKET - U-19 IND PAK

એશિયન ક્રિકેટ કાઉન્સિલ અંડર-૧૯ એશિયા કપમાં આજે ભારતનો મુકાબલો પાકિસ્તાન સામે થશે. દુબઈમાં આ મેચ ભારતીય સમય મુજબ સવારે સાડા દશ વાગ્યે શરૂ થશે.

શુક્રવારે ભારતે યજમાન સંયુક્ત આરબ અમીરાતને 234 રનના વિશાળ સ્કોરથી હરાવ્યું. ટુર્નામેન્ટમાં કુલ આઠ એશિયન ટીમો છે. ફાઇનલ ૨૧ ડિસેમ્બરે રમાશે.

## US- BROWN UNIVERSITY SHOOTING

અમેરિકાની બ્રાઉન યુનિવર્સિટીમાં ગોળીબારમાં બે લોકોના મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. યુનિવર્સિટીએ એલર્ટ જારી કરીને વિદ્યાર્થીઓ અને સ્ટાફને સ્થળાંતર કરવા જણાવ્યું છે.

ગોળીબાર બારુસ અને હોલી બિલ્ડીંગ પાસે થયો હતો, જ્યાં યુનિવર્સિટીના એન્જિનિયરિંગ અને ફિઝિક્સ વિભાગો આવેલા છે. ગોળીબાર સમયે પરીક્ષાઓ ચાલી રહી હતી.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ પટેલ

- આજે તમામ  અખબારોમાં વિશ્વ વિખ્યાત ફૂટબોલ ખેલાડી લિયોનેલ મેસ્સીને લઈને થયેલા દંગલના મુખ્ય સમાચાર છે.
- ગુજરાત સમચારે લખ્યું છે કે કોલકત્તામાં ધમાલથી મેસસીના કાર્યક્રમનો ફિયાસ્કો
- સંદેશમાં કોલકતાના સ્ટેડિયમમાં દંગલને હેડલાઈન બનાવી છે
- અન્ય સમાચારમાં કેરળમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પહેલી વાર ભાજપનો વિજય, ટ્રમ્પના એચ-વન બી વિઝા અંગેના નિર્ણય સામે કોર્ટમાં કેસ દાખલ, દિલ્હીમાં કથળતી જતી હવામાનની સ્થિતીના સમાચાર વાંચવા મળી રહ્યાં છે.
- આ ઉપરાંત સ્થાનિક અને રાજ્યના સમાચારમાં પેરોલ જમ્પ આરોપીઓને ઝડપવાનું ગુજરાત પોલીસનું ઓપરેશન કારાવાસ, અંબાજીમાં જમીન ખાલી કરાવવા ગયેલી પોલીસ અને વન કર્મીઓની ટીમ પર હુમલાના સમાચાર તમામ અખબારોએ છેલ્લા પેજ ઉપર છાપ્યાં છે.